# લપસણી ભોંય....૨



**રહસ્યચક્ર**
**- યશવન્ત મહેતા**

જય કારીઆનું કામ તમામ થઈ ગયું હતું.

જાણે એક ફૂંક મારવામાં આવી અને દીવો રામ ગઈ ગયો!

લીના અને જોરાવર કેટલીક વાર સુધી અક્કડ ઊંભા રહ્યાં- એ જોતાં કે જય સળવળે છે ખરો? જય જીવે છે ખરો? પરંતુ એ હવે રૂંવાડુંય સળવળાવી શકે એવો રહ્યો નહોતો.

એકાએક લીનાએ ડુસકું

**સ્ત્રી આખરે સ્ત્રી છે. ગમે તેવી ઘૃણાસ્પદ વ્યક્તિનુંય મોત જોઈ શકતી નથી**

નાખ્યું. બન્ને હાથે ચહેરો ઢાંકીને એ રડી પડી. સ્ત્રી આખરે સ્ત્રી છે. ગમે તેવી ઘૃણાસ્પદ વ્યક્તિનું મોત એ જોઈ શકતી નથી અને આ તો ખુદ એનો પતિ હતો. દસેક વર્ષોનું એમનું સહજીવન હતું. હીબકે ચડેલું એનું સભર શરીર જોરાવરને ઓર આકર્ષક લાગ્યું. એણે પોતાના બેય હાથમાં લીનાને વીંટાળી લીધી. એને ખેંચીને પોતાની સાથે ચીપકાવી દીધી.

''અરે, બસ કર, યાર!'' એના પ્રકારના માણસોને સુલભ એવી તોછડાઈથી એણે ઉચ્ચાર્યું. ''કાંટો નીકળી ગયો!'' પછી કશોક વિશેષ વિચાર આવ્યો હોય એમ એ બોલ્યાં. ''તારે ખાતર તો આવા પચાસને પૂરા કરું! ખુશ થઈ જા, યાર!''

આટલું ઓછું હોય એમ એણે લીનાનાં ભરપૂર અંગોને ભીંસતા એક ચસચસાતું ચુંબન ચોડી દીધું. ''જરાય ચિંતા ન કર, ડાર્લિંગ! હું બેઠો છું ને!''

પછી એણે લાશને ઠેકાણે પાડવાની વેતરણ શરૂ કરી. અંગાંગ ધ્રૂજતી અને હીબકતી લીનાને એણે એક સોફા પર બેસાડી. પછી ફ્લેટનું બારણું નીરવપણે ખોલ્યું. આજુબાજુ નજર કરી. પરસાળમાં કોઈ નથી એની ખાતરી કરી. પછી દાદરા પર ગયો. દાદર ઊતરીને આસપાસ જોયું. કોઈ દેખાયું નહિ. ચૂપચાપ પાછો આવ્યો. ''સબ સલામત! આજુબાજુ આમતેમ કોઈ જ નથી. જલદી આને નીચે, દાદરને તળિયે ગોઠવી આવું. હા, બત્તીઓ બંધ કર.''

આમ કહેતાં એણે જયને ઉપાડવા માંડ્યો. જાણે કિશોરવયસ્કને ઉપાડતદ હોય તેમ એણે જયને તેડી લીધો.

અચાનક લીનાને યાદ આવ્યું, ''એને જૂતાં તો પહેરાવ!''

''હા, અલ્યા!'' જોરાવર બબડ્યો. એણે જૂતાંના ઘોડામાંથી જયનાં મોજાં અને જૂતાં શોધી કાઢ્યાં. લાશને એ પહેરાવ્યા પછી વળી એક આછા ઊંહકાર સાથે એણે જયને ઊંચક્યો. ફરી વાર બારણા બહાર કાળજીભરી નજર દોડાવીને બહાર નીકળ્યો. પરસાળ વટાવીને દાદરે પહોંચ્યો. દાદરાને તળિયે હજુ કાચી ભોંય હતી. ફ્લેટ નવા જ

**જોરાવર છેલ્લા પગથિયાની નીચે ઊતર્યો અને ખરેખર લપસ્યો....**

હતા, અને કેટલાંક વિકાસ-કામ બાકી હતાં. લાશને આ દાદરને તળિયે એવી રીતે ગોઠવવાની હતી કે જોનારને એમ લાગે કે જયનો પગ કાદવમાં લપસ્યો હશે, એથી એ ગબડી પડ્યો હશે, એનું માથું પગથિયાના પથ્થર સાથે અફળાયું હશે અને એ મરણ પામ્યો હશે! આવી ગોઠવણ કરવા માટે જોરાવર છેલ્લા પગથિયાની નીચે ઊતર્યો, અને ખરેખર એ લપસ્યો! જો કે એ જોરાવર હતો. જાતને અને ખભા પરની લાશનેય જાળવી લીધી. પછી આસ્તેથી લાશને ઉતારીને પોતાની યોજના મુજબ ગોઠવી દીધી અને પછી ચપળતાથી દાદર ચડી ગયો. ફ્લેટના બારણામાં જ ઊભેલી લીનાને બાથમાં ઘાલીને એણે બારણું અંદરથી બંધ કર્યું.

એનો ઈરાદો કળી જતાં લીના બોલી, ''આજે હવે તું જા, ડાર્લિંગ. અને થોડાક દિવસ આવતો નહિ.... બધું પતી જાય અને વીમાની રકમ મળી જાય પછી.... પછી તો, બસ, આપણે બે જ....''

★ ★ ★

લગભગ મધરાતે એમ્બ્યુલન્સ હમહમાર કરતી હોસ્પિટલના ઈમર્જન્સી વોર્ડ પાસે આવીને ઊભી રહી. એમાંથી જે સ્ટ્રેચર ઊતર્યું એમાં એક પુરુષ પહેર્યે લૂગડે સૂતો હતો. એની પાછળ જ એક ખૂબસૂરત સ્ત્રી ઊતરી. એ વખતોવખત પોતાની આંખો નાનકડા રૂમાલ વડે લૂછી રહી

**માણસ અસાવધ હોય અગર શિથિલ હોય તો એને લપસતાં વાર નથી લાગતી. એને લપસાવે એવી ઘણી વાર ભીની માટી હોય છે અને ઘણી વાર કામુક સ્ત્રી હોય છે. ખેર, લપસણી ભોંય આ હોય કે તે, માણસને ઈજા કરે જ છે!......**

હતી.

પ્રથમ તો સ્ટ્રેચરને ઈમર્જન્સી વોર્ડની વચ્ચેના ઓટલા પર મૂકવામાં આવ્યું. તરત જ બે નર્સ, ઈન-ચાર્જ ડોક્ટર અને ડ્યુટી પરનો પોલીસમેન દોડી આવ્યાં. કેસને દાખલ કરવાનો વિધિ ચાલ્યો. ડોક્ટરે પોતાના કામના પ્રશ્ન પૂછ્યા. નર્સે પોતાના પ્રશ્નો પૂછીને પત્રક ભર્યું. પોલીસવાળાએ પોતાના રસનો પ્રશ્નો પૂછ્યો, ''કાર એક્સીડન્ટ!''

''ના,'' મહિલાએ હીબકું ભરતાં જણાવ્યું. ''એ....એ....ઘર તરફ આવતાં લપસણી ભોંય પર લપસ્યા હોવા જોઈએ.... દાદરને તળિયે પડ્યા હતા.... પડોશીએ જોયા.....બ....બહુ વાગ્યું લાગે છે.''

મહિલાએ હીબકાંઓની વચ્ચે નામ-ઠામ લખાવ્યા. એ જેમ જેમ બોલતી ગઈ તેમ તેમ એનાં હીબકાં વધતાં ગયાં. માણસને એક્સીડન્ટ થયો હોય અને સગાં એને હોસ્પિટલમાં લાવે ત્યારે એ ગંભીર હોય જરૂર, પરંતુ હીબકાં ભરતાં નથી. એવું રૂદન તો...મરણ પછી....હાજર પોલીસ કોન્સ્ટેબલના શંકાખોર દિમાગમાં કશોક-સળવળાટ થવા લાગ્યો. એણે ઈન-ચાર્જ ડોક્ટરની નજીક સરકતાં, એના કાનમાં પૂછ્યું, ''ઈજા ગંભીર છે?''

''ખતમ.'' ડોક્ટરે એક જ શબ્દ ઉચ્ચાર્યો.

''ઠીક,'' કોન્સ્ટેબલે કહ્યું. ''એ જ વાત હોય તો અહીં જ થોડો વખત ગાળી નાખો. હું અમારા સાહેબને ખબર આપું.''

આમ કહીને કોન્સ્ટેબલ વોર્ડને છેડે ગયો. એણે પોતાના પોલીસ સ્ટેશન, નવરંગપુરા પોલીસ સ્ટેશને ફોન કર્યો. જરાક ગરબડિયો કેસ છે. મોતનો મામલો છે. આવી પહોંચો.

**મસ્તકની ઈજાઓનો નિયમ છે : લોહીની ફૂટ થાય તો માણસ બચે. નહિતર....**

ડોક્ટર લાશને આમતેમ જોતા રહ્યા, એની છાતીએ સ્ટેથોસ્કોટ મૂકતા રહ્યા, નર્સોને એમની અગડંબગડં ભાષામાં કશુંક નોંધાવતા રહ્યા. દસેક મિનિટમાં પોલીસ કાર આવી પહોંચી. એમાંથી બે માણસ ઊતર્યા. કોન્સ્ટેબલે એમને સલામ કરી અને ડોક્ટરને ઓળખાણ આપી: ''નવરંગપુરા પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર દિનકર દેસાઈ અને પ્રાઈવેટ ડિટેક્ટીવ અજય વર્મા સાહેબ.''

બન્નેએ ડોક્ટર સાથે હસ્તધૂનન કર્યું. પછી મૃતદેહને નખશિખ બારીકાઈથી જોયો. ડોક્ટરે એના મસ્તક પરની ઈજા ભણી ધ્યાન દોર્યું. ઘા ગંભીર લાગતો હતો, પણ લોહીની ફૂટ થઈ નહોતી. આમ છતાં આદમી મરણ પામ્યો હતો, એનો અર્થ એ કે અંદર ને અંદર ભારે રક્તસ્રાવ થયો હશે. મસ્તકની ઈજાઓનો નિયમ છે: લોહીની ફૂટ થાય તો માણસ બચે, આંતરિક રક્તસ્રાવ જીવલેણ નીવળી શકે. અજયે મરહૂમના પહેરવેશ વગેરેની પણ બારીક નોંધ લીધી. પછી દિનકર અને અજય મહિલા તરફ વળ્યા. ''તમારું નામ?''

''લીના.... લીના. કારીઆ,'' લીનાએ જણાવ્યું. ''અને આ મારા હસબન્ડ જય કારીઆ છે.''

''અચ્છા, શું થયું છે તે કહો.''

''અમારી પાસે કાર છે. પણ અમારા નવા ફ્લેટોના અંગણામાં ચોમાસામાં ભયંકર કાદવ થાય છે. એટલે આગળના એક બંગલામાં, કમ્પાઉન્ડમાં કામ મૂકીને થોડુંક ચાલીને આવવાનું હોય છે. એમ આવતાં, દાદરને તળિયે જ એ લપસ્યા હોવા જોઈએ અને-''

વળી લીનાએ ડુસકું ખાધું.

''આ.... અકસ્માતની તમને ક્યારે ખબર પડી?''

''અમારા એક પડોશી રાતના દસેક વાગે ઘરે આવ્યા ત્યારે એમણે જયને...મારા હસબન્ડને આમ પડેલા જોયા.... અમે તરત જ એમ્બ્યુલન્સ મંગાવી અને એમને અહીં લાવ્યા.''

''આવડા મોટા અમદાવાદ શહેરમાંય હજુ આવા કાદવ થાય છે, બોલો!'' દિનકર બબડ્યો. ''વળી, આ વરસે તો વરસાદય માઝા મૂકા છ. તમારી આસપાસ પણ કાદવ થઈ ગયો છે, એમ ને?''

લીનાએ માથું હલાવ્યું. હવે એનાં હીબકાં બંધ થયાં હતાં. એ વારાફરતી દિનકર અને અજયને જોતી હતી. આ લોકો

**રૂમાલ આંખે અડાડવાની ક્રિયા કોઈ દેવતાઈ 'નમન' આંખે અડકાડવા જેવી હતી !**

હવે સવાલો પૂછવાનું બંધ કરે અને ડોક્ટરને કામ કરવા દે તો સારું અને ડોક્ટરે તો એક જ કામ કરવાનું છે. જયનું અકસ્માત મૃત્યુ થયાનું પ્રમાણપત્ર આપવાનું છે. બસ, વાત પૂરી.

આ બાજુ, કાનૂનરક્ષકોએ ડોક્ટર સાથે કશીક ટૂંકી વાત કરી. ડોક્ટરે મસ્તક હલાવ્યું. નર્સોને કશીક સૂચના આપી.

દિનકર લીના પાસે આવ્યો. ''ડોક્ટરને લાગે છે કે કેસ સીરિયસ છે. તાત્કાલિક સારવાર શરૂ કરાશે. પણ ત્યાં તમને નહિ આવવા દે. તમે અહીં, આ બાંકડા પર બેસો. નિરાંત રાખજો. કશું જોઈતું-કારવતું...અરે કોન્સ્ટેબલ, આ બાનુને પાણી-ચા-કોલ્ડ ડ્રિંક કશું જોઈએ તે લાવી આપજો... જુઓ, મેડમ, કશું સીરિયસ હશે તો અમે તરત જ આવીને તમને જાણ કરીશું.''

નર્સોએ સ્ટ્રેચર ઠેલ્યું. ડોક્ટર અને ગુનાશોધકો એની પાછળ ચાલ્યા. થોડેક છેટે લાલ બત્તીવાળું મોટું બારણું હતું. સ્ટ્રેચર એની અંદર પહોંચતાં જ ડોક્ટરે જણાવ્યું, ''બિચારી બાઈને ખોટું ખોટું આશ્વાસન શું કામ આપો છો? આદમી મરણ પામ્યો છે. અરે, મરેલો જ આવ્યો છે!''

''અમનેય એટલી તો ખબર પડે છે, ડોક્ટર'' અજયે કહ્યું. ''પરંતુ અમારે એક પ્રયોગ કરવો છે, એટલે જ ઈજાની ને ગંભીર કેસની વાત ચલાવી છે. કૃપા કરીને અમને સહકાર આપશો.''

આમ કહીને અજય વોર્ડને બારણે ગયો. બારણાની વચ્ચે ઊભા રહીને જરાક મોટે સાદે એણે સૂચના આપી, '' હમણાં કશું કરશો નહિ! હું પાછો આવું ત્યાં સુધી કશી વાઢકાપ શરૂ ન કરતા!''

પછી બારણું બંધ કરીને એ લીના પાસે આવ્યો. લીના વારંવાર પેલો રૂમાલ આંખે અડાડતી બેઠી હતી. જો કે રૂમાલ આંખે અડાડવાની એ ક્રિયા આંસુ લૂછવા કરતાં કોઈ દેવતાઈ 'નમન'ને વારંવાર આંખે અડકાડવાની ક્રિયા વિશેષ લાગતી હતી. એણે પૂછ્યું, ''કેમ લાગે છે? ડોક્ટર શું કહે છે? એ જીવી જશે?''

''કેમ? એ જીવી જશે તો શું થશે, એવી ચિંતા થાય છે?''

''આ શું બોલો છો સાહેબ?''

''આમ બોલું છું, કારણ કે તમને બરાબર ખબર છે કે તમારા પતિ અહીં આવતાં પહેલાં જ મરણ પામ્યા છે.''

''ઓહ! માથાની અકસ્માત ઈજા જીવલેણ નીવડી, એમ?''

માથાની ઈજા જીવલેણ નીવડી, એ સાચું, પણ એ અકસ્માત નહોતો. ખૂન હતું! તમે એ ખૂનમાં ભાગીદાર છો, મિસિસ કારીઆ! તમે અને તમારા સાગરીતે જયભાઈને મારી નાખીને પગથિયે ગોઠવ્યા છે!''

(વાચક મિત્રો! કલ્પના કરો કે અજયે આ મામલાને કયે આધારે ખૂન કેસ ઠરાવ્યો હશે? વિચાર કરો. બને તો તમારો જવાબ નોંધી રાખો અને અમારા જવાબ સાથે સરખાવો.)

# યુવાનો; જીવનની સ્ક્રિપ્ટ મરજી મુજબ લખવી હોય તો મૌલિક બનીને જીવો

**મનઉપવન**
**- મુકેશ ચૌધરી**

૨૧મી સદીનો દોર ચાલી રહ્યો છે. માનવી સુખી થાય, એશો-આરામથી જીવન પસાર કરે એટલા માટે છાબડી ભરાઈ શકાય તેટલી ભૌતિક શોધો થઈ છે. આવા માહોલ વચ્ચે જીવનમાં ચેતનાનું સિંચન થવું જોઈએ, એ થતું નથી. માણસનાં



ચહેરા પર એક પ્રકારની ઉદાસીનતા છે અને પૈસા કમાવવાના ખુલ્લી આંખમાં સપના છે. ક્યારેક એવું લાગે છે. માણસ જીવે છે છતાં ફિક્કું-ફિક્કું જીવે છે.

મૂળ વાત કરવી છે. યુવાનો જીવનની સ્ક્રીપ્ટ મરજી મુજબ લખવી હોય તો મૌલિક બનીને જીવવું પડશે. આપણે ત્યાં એક મોટો વર્ગ છે, ભણતરનું ભાર ઉપાડનાર. છોકરો યુવાન થાય પછી મા-બાપ, સગા-વહાલા અને મોટા ભાઈ હોય તો બસ એવું જ કહેવા માંડે છે આપણા લાડલાને આમાં એડમિશન અપાવો. આટલા વર્ષનો કોર્ષ છે. પછી આપલા રૂપિયા કમાશે મારા મોટા ભાઈ, તમે માત્ર માર્ગદર્શન બની શકો છો, કોઈનાં જીવનનો ફેંસલો તમે ન લઈ શકો. યુવાનીનો ઊંબરો જીવનમાં સૌથી મહત્ત્વનો તબક્કો હોય છે. કોલેજ પુરી થાય બાદ વિદ્યાર્થી પુખ્ત વયનો કહેવાય. જીવન શું છે તે બરાબર જાણતો થઈ જાય છે. કોલેજ પુરી થયા પછી લાડલાને પૂછવું જોઈએ કઈ લાઈનમાં જિંદગી બનાવવી છે. યુવાવયે જાતે નિર્ણય લઈ શકીએ નહીં તો પછી ક્યારે?

જમાનો ફાસ્ટ રીતે અપડેટ થતો જાય છે. મા-બાપ પોતાના લાડલો કે લાડલીને મરજી મુજબનું ભણતર ભણવા નહીં દે તો ખોટી રીતે ડિપ્રેશનમાં જીવશે. એના કરતા પોતાની રીતે જીવનમાં આગળ વધવા દો. મૌલિક બનીને જીવન ગાળવાથી ચેતના શક્તિ અને હૃદયની ઉર્મિઓ પ્રગટે છે.

મૌલિકતાનો અર્થ છે માનવીમાં પડેલી સર્જનાત્મક શક્તિ?નો વિકાસ કરવો. આવડત પ્રમાણે વિકાસનો આલેખ ઉચ્ચે લઈ જવો. કેટલીક સમસ્યા અચાનક સામે આવીને ઊભી રહે છે. જીવન સાવ સૂનમૂન બની જાય છે. પંડિતાઈ ભર્યું જીવન જીવવામાં મજા નથી. મૌલિક બનીને જીવવામાં પારદર્શકતા રહેલી છે. કેમ કે મૌલિક બનીને જીવવું તેમાં જાતને ઓળખવાનો મોકો મળે છે. ભારતના ઓગણિસમી સદીનાં ફિલોસોફર અને બુધ્ધ ગણતાં જે.કૃષ્ણમૂર્તિએ ખૂબ જ સચોટ રીતે કહ્યું છે, ' આપણી બારીઓ સાંકડી છે. આપણે આપણામાં જ કેદ છીએ. બારીમાંથી આપણે બહું તો એક ડાળી જોઈએ છીએ. ફૂલ-પાદડાંથી લચેલી. પણ આપણે આખા વૃક્ષને જોતા નથી. આપણે અંશને જ વળગીએ છીએ. અખિલાઈના સંદર્ભ વિના' માણસને પોતાનું હોવાપણું છોડીને મૌલિક બનતા શીખવું પડશે. ખાસ કરીને આજના યુવાનો જીવનને વેડફી રહ્યાં છે. જીવનમાં મૌલિકતાનો સુર પુરવો પડશે. જીવનને સાંકડી બારીમાંથી બહાર કાઢવું પડશે. આપણાં ગુરુ પણે જાતે બનીને જીવનને સફળતાનાં શિખર તરફ લઈ જવા માટે જાતે વિચાર કરવાની શક્તિ કેળવવી પડશે.

ઘણીવાર કોલમમાં હેનરી ડેવિડ થોરા નામના ફિલોસોફરનો ઉલ્લેખ કર્યા છે. થોરોએ જે પણ લખ્યું છે. તેમાં પોતાની મૌલિકતા વાપરી છે. જીવનને ક્યાં રસ્તે લઈ જવું તે માણસ માટે માર્ગદર્શક બને છે. 'વોલ્ડન' નામના પુસ્તકમાં તો જીવનમાં મૌલિકતા કેવી રીતે લાવવી તેની દૂધની નદી જેમ રેલમ છેલ કરી છે. પોતાની કિતાબ 'વોલ્ડન'માં થોરોએ લખ્યું છે તે આજનાં યુવાનો માટે ખૂબ જ ઉપયોગી થાય તેવી બાબત લખી છે. સવારના સમયમાં એક યુવાન થોરોને મળવા માટે આવે છે. યુવાન કહે છે હું તમારા સિધ્ધાંતોને અનુસરવા માગું છું અને તમારા જેવું જીવન જીવવા માગું છું ત્યારે આ મહાન ફિલોસોફરે માત્ર આટલો જ જવાબ આપ્યો હતો. પ્રત્યેક માણસને યુવાનીથી પોતાના જીવનનો રસ્તો શોધી કાઢવાનો છે. પોતાના મૌલિક વિચારના પ્રમાણે ચાલવું જોઈએ. અમેરિકના દાર્શનિક ભાર દઈને આજનાં યુવાનોને કહે છે પોતાના મા-બાપ કે પાડોશીએ અપનાવેલા રસ્તા પર કદાપિ ચાલશો નહીં. માણસ પાસે એક વિચાર હોય છે. પત્યેક માણસનું વિશ્વ અલગ હોવું જોઈએ. પોતાના વિચારથી જીવનની મૌલિકતાને ડેવલપ થાય છે. આપણે ત્યાં બાળકની સર્જનાત્મક શક્તિ જોવામાં આવતી નથી. બધા મા-બાપ એવું ઈચ્છે છે કે મારો દિકરો ભણી-ગણીને ડોક્ટર બને! અરે મારા ભાઈ, બાળકને તમારા દબાણ નીચે કેમ રાખો છો. પૂછો તેમને રસ શેમાં છે. પછી પોતાની મૌલિકતા પ્રમાણે બાળકને આગળ વધવા દો. બાકી ટોળાની અંદર માણસની કોઈ કિમ્મત રહેતી નથી. ખાસ કરીને યુવાનો ઘણી વખત ભણતર પુરું કર્યા બાદ કેરિયરની લાઈન પસંદ કરવાની આવે ત્યારે મૂંઝવણનો મોટો પહાડ ઉભો થઈ જાય છે. ચારે બાજું સમસ્યા હી સમસ્યા સર્જાય છે. મૌલિક શક્તિને વિકસાવશો તો આવું થશે નહીં.

મહાન મનોવિજ્ઞાનિક એરિક ફ્રોમએ વિશ્વમાં બહુ ચર્ચિત પુસ્તક 'ધ ફીઅર ઓફ ફ્રીડમ' લખેલું. આ પુસ્તકનો અનુવાદ આપણી ભાષામાં કાન્તિ શાહે કરેલો. એરિક ફ્રોમે ખૂબ જ વૈધક રીતે કહ્યું છે, 'સુખ જન્મે છે સર્જનાત્મક જીવનના અનુવમાંથી, અને જગત સાથે આપણને સાંકળતી પ્રેમને સમજણની આપણી શક્તિઓના ઉપયોગમાંથી વાસ્તવિકતાના અંતસ્તરને સ્પર્શવામાં સુખ રહેલું છે. આપણી જાતને ઓળખવામાં તથા બીજાઓ સાથેની આપણી એકતા અને બીજાઓ સાથેની આપણી ભિન્નતા પિછાનવામાં સુખ રહેલું છે. સુખ એ તો તીવ્ર આંતરિક પ્રવૃત્તિની અવસ્થા છે, અને આપણી જાત સાથેના તેમજ જગત સાથેના સર્જનાત્મક સંપર્કમાંથી નીપજતી, પાંગરતી ચેતનશક્તિની અનુભૂતિ છે, યુવાનો ઘણી રીતે ઉદાસીનતા ભરી જિંદગી જીવતા હોય છે. જીવનને ઉદાસીનતામાંથી બહાર નીકળવા માટે કાર્યક્ષેત્ર વધારો. મૌલિકતાના બુંદમાં સ્વાદષ્ટિ જીવન પડેલું છે. યુવાનો ઘણી રીતે ઢંગઘડા વિનાનું જીવતા હોય છે અને પોતાની સર્જનાત્મક શક્તિને ઓળખી શકતા નથી.

દુનિયાનું રંગરૂપ બદલાઈ રહ્યું છે. વિશ્વના ચારેબાજુ ગળાકાપ હરીફાઈનો વાયરો ચાલી રહ્યો છે. તેવા સમય જીવનનો પરફેક્ટ ગોલ હોવો જોઈએ, ચોક્કસ નિશાન હોવું જોઈએ. પક્ષીને માત્ર આકાશમાં ઉડતા જ આડવતું નથી. વૃક્ષ પર સુંદર મજાનો માળો પણ બાંધતા આવડે છે. કદાચ તમને ખબર હોય તો સુઘરી નામનું પક્ષી ડીઝાઈનદાર પોતાનો માળો બાંધે છે. તેમાં કોઈ નકલ હોતી નથી. મુદ્દાની વાત છે તેમાં મૌલિકતા હોય છે. દુનિયા પોતાનો કરવટ બદલી રહી છે, દરરોજ નવી-નવી શોધ થઈ રહી છે. માણસની ઈચ્છાઓ વધી રહી છે. જીવનને જીવી જાણવું હોય તો ઈચ્છા પર કાબું રાખવો પડશે. ઈચ્છાઓ પર સંપૂર્ણ કાબુ મેળવવાની નથી બધું મર્યાદિત હોવું જોઈએ. યુવાનો પાસે તાજગી સભર વિચારો હોય છે. માત્ર જરૂર હૃદયના સોચની. કેટલાંક વિચારો જીવનમાં અમલ કરવા પડે છે.

> ફેંકતા પાસા અમે, પણ દાવ તો તારા હાથમાં
> છે ભલે હથિયાર મારાં, ઘાવ તારા હાથમાં!...
> શઢ ચઢાવી સાત ઉપડી બેખબર મઝધારમાં-
> તોડવી કે તારવી એ નાવ તારા હાથમાં!
> "જટિલ"

જીવનની ઓળખ ચામડીનો રંગ ગોરો હોવાથી થતી નથી, પૈસાની માળા પહેરવાથી થતી નથી. જીવનની ઓળખ તો મૌલિક વિચારથી થાય છે.

કોલેજમાં જ્યોગ્રાફી સાયન્સ ભણવાની સાથે-સાથે કવિતા વાંચવી ગમતી. મારી ડાયરી ગમતી કવિતા લખેલી છે. તે ગુજરાતી કવિ કિસન સોસાની પ્રસિધ્ધ કવિતા છે, 'એવા વળાંક પર હવે ઊભો છે કાફલો, અહીંથી જવાય રણ તરફ, અહીંથી નદી તરફ, અહીંથી જવાય ક્ષણ તરફ, અહીંથી સદી તરફ..., જીવનની વાર્તા લખવા માટે ઈન્ટરેસ્ટ જોઈએ. નકશા દોરતા ન આવડે કે નકશા વિજ્ઞાનમાં ઈન્ટરેસ્ટ ન હોય તો કાર્ટોગ્રાફર બની શકાય નહીં. વાંચન કે મૌલિક વિચાર શક્તિ ન હોય તો રાઈટર્સ બની શકાય નહીં. મોડલિંગની દુનિયામાં પ્રવેશવું હોય તો સારો દેખાવ અને બધાથી જુદું પડતું વ્યક્તિત્વ હોવું જોઈએ. બસ, ઈન્ટરેસ્ટ જ જિંદગીનો ગોલ બની જાય ત્યારે જિંદગી સોને પે સુહાગા બની જાય છે. બધા માણસો એક જ બીબામાંથી જન્મતા નથી. બધા માણસની સોચ અલગ હોય છે. દુનિયા દરરોજ નવી રીતે પોતાની આંખ ઉઘાડે છે. કેટલીક બાબતે આપણને રસ ન હોય તો પણ શીખવી પડે છે. તે આજના યુવાનો સારી રીતે જાણે છે. પણ સૌથી મહત્ત્વની બાબત છે યુવાનોમાં નિર્ણય લેવાની શક્તિ હોવી જોઈએ. બીજું કે તમને આવડે છે શું? તે સૌથી મહત્ત્વની બાબત છે. પહેલા આવડે તે કરવું જોઈએ. આપણને ઈન્ટરેસ્ટ હોય તેમાં જ્વલંત સફળતા મેળવ્યા બાદ ઘણી બધી બાબતો શીખી શકો છો. પણ જો કશું ન કરવા સો ટકા વાંધો છે. હૃદયમાં વિશાળ ઝરણું ચાલી રહ્યું છે અને આ ખળખળતા ઝરણાનો માત્ર પ્રવાહ જાણવાનો છે. હૃદયમાં આખું વિશ્વ પડેલું છે. તેમાં ગમતું શોધી કાઢવાનું છે. હોંઠ પર મોરલી મૂકવાથી વાગી જતી નથી, વગાડવાની કળા જાણવી પડે છે. ગીટાર પર હાથ મૂકવાથી સુરીલું સંગીત નીળકતું નથી. વગાડવા શીખવું પડે છે. સતત મહેનત કરવી પડે છે. બેઠાં-બેઠાં શીખી શકાય નહીં. મૌલિકતા એ સફળતાની ઊંચાઈ તરફ લઈ જાય છે, માત્ર હૃદયમાંથી પ્રગટ કરવાની આવડત હોવી જોઈએ. જીવન એક નાટક છે. જીવનરૂપી નાટકને સ્ટેજ પર ભજવવાની જવાબદારી તમારી છે. યુવાનો નવું-નવું શીખતા જાઓ. હજારો ક્ષેત્રો તમારી પ્રતીક્ષા કરી રહ્યા છે.